Seat No. : _______________

# JM-97

**March-2013**

## Gujarati (Principal)

## Paper – IV

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના : બધા** જ પ્રશ્નોના ગુણ સરખા છે.

૧. આપેલા પ્રશ્નોના માંગ્યા પ્રમાણે સાચો વિકલ્પ શોધીને ઉત્તર લખો :

(૧) ક.મા. મુનશી કયા યુગના સાહિત્યકાર છે ?
(અ) સુધારક યુગ (બ) પંડિત યુગ
(ક) ગાંધી યુગ (ડ) આધુનિક યુગ

(૨) ક.મા. મુનશીના માતાનું નામ શું હતું ?
(અ) તાપીબા (બ) કંકુબા
(ક) પૂતળીબાઈ (ડ) આનંદીબા

(૩) ક.મા. મુનશીનું ઉપનામ જણાવો.
(અ) ઘનશ્યામ (બ) કાન્ત
(ક) કલાપી (ડ) વાસુકિ

(૪) ક.મા. મુનશીએ કેટલા વાર્તાસંગ્રહો આપ્યા છે ?
(અ) એક (બ) બે
(ક) ત્રણ (ડ) ચાર

(૫) ક.મા. મુનશીની પ્રથમ નવલકથા કઈ છે ?
(અ) ગુજરાતનો નાથ (બ) રાજાધિરાજ
(ક) વેરની વસૂલાત (ડ) જય સોમનાથ

(૬) ક.મા. મુનશીની નવલકથાઓ પર કયા પાશ્ચાત્ય લેખનો પ્રભાવ પડેલો છે ?
(અ) એલેક્ઝાન્ડર ડ્યૂમા (બ) ચાર્લ્સ ડીકન્સ
(ક) અર્નેસ્ટ હેમિંગ્વે (ડ) મૅકાલે

(૭) નીચેનામાંથી ક.મા. મુનશીની ઐતિહાસિક નવલકથા નથી.
(અ) પાટણની પ્રભુતા (બ) તપસ્વિની
(ક) રાજાધિરાજ (ડ) ઉપરનામાંથી એકપણ નહીં

(૮) ક.મા. મુનશીનાં બીજા પત્નીનું નામ શું હતું ?
(અ) કલાવતી (બ) લીલાવતી
(ક) મેનાવતી (ડ) સોનાવતી

(૯) ‘મારી બિન જવાબદાર કહાણી’ કયા પ્રકારની કૃતિ છે ?
(અ) નિબંધ (બ) પ્રવાસ વર્ણન
(ક) નવલકથા (ડ) વિવેચન

(૧૦) ક.મા. મુનશીનું પૌરાણિક નાટક કયું છે ?

(અ) અવિભક્ત આત્મા (બ) વાવાશેઠનું વાવેતર

(ક) છીએ તે જ ઠીક (ડ) ધ્રુવ સ્વામિની દેવી

(૧૧) ક.મા. મુનશીએ મુંબઈમાં કઈ સંસ્થાની સ્થાપના કરી ?

(અ) ભારતીય વિદ્યાભવન (બ) ભારતીય જ્ઞાનપીઠ

(ક) ગુજરાત વિદ્યાપીઠ (ડ) ક.લા. સ્વાધ્યાય મંદિર

(૧૨) ક.મા. મુનશીએ કયું જીવનચરિત્ર આપ્યું છે ?

(અ) કવિશ્વર દલપતરામ (બ) નરસૈયો ભક્ત હરિનો

(ક) કવિ જીવન (ડ) કેટલાક લેખો

(૧૩) ક.મા. મુનશીની ભારત સરકારના કયા ખાતાના પ્રધાન તરીકેની સેવા નોંધપાત્ર છે ?

(અ) શિક્ષણખાતું (બ) ગૃહખાતું

(ક) નાણાંખાતું (ડ) અન્ન કૃષિખાતું

(૧૪) 'અડધે રસ્તે' ક.મા. મુનશીનું કેવા પ્રકારનું સાહિત્ય સ્વરૂપ છે ?

(અ) પ્રવાસ (બ) નિબંધ

(ક) આત્મકથા (ડ) નાટક

૨. ક.મા. મુનશી કૃત "'કાકાની શશી' ગુજરાતી સામાજિક નાટકોમાં સીમા ચિહ્નરૂપ કૃતિ છે." – આ વિધાનની ચર્ચા કરો.

**અથવા**

'કાકાની શશી' નાટકને આધારે ક.મા. મુનશીની સિદ્ધિ અને મર્યાદાઓ જણાવો.

૩. ગમે તે **બે** વિશે ટૂંકનોંધ લખો :

(૧) 'કાકાની શશી' શીર્ષકનું ઔચિત્ય.

(૨) 'કાકાની શશી' નાટકનો અંત.

(૩) 'કાકાની શશી'ના સ્ત્રીપાત્રો.

(૪) 'કાકાની શશી'માં ભાષાશૈલી.

૪. 'ગુજરાતનો નાથ' નવલકથાને આધારે ક.મા. મુનશીની ઐતિહાસિક નવલકથાકાર તરીકેની વિશેષતાઓ દર્શાવો.

**અથવા**

'ગુજરાતનો નાથ' નવલકથાની કથાવસ્તુનો સમગ્રલક્ષી પરિચય કરાવો.

૫. નીચેનામાંથી કોઈપણ **બે** વિશે ટૂંકનોંધ લખો :

(૧) મુંજાલનું પાત્રાલેખન.

(૨) 'ગુજરાતનો નાથ' નવલકથાનું શીર્ષક.

(૩) 'ગુજરાતનો નાથ'ના પુરુષપાત્રો.

(૪) ક.મા. મુનશીની ભાષાશૈલી